અપીલ અરજી નં.૩૩૬ તા.૮–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી હેમંત એન. દેસાઈ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(ગુમાસ્તાખાતુ)
ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી સુ.મ.પા રહેઠાણવાળા વિસ્તારમાં કયા કયા પ્રકારના ઉદ્યોગ (કારખાના) ચલાવવાની મંજુરી આપી શકે તે તમામ ઉદ્યોગના કારખાનાની નામની યાદી આપતી માહિતી આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૮–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૩૬/૨૦૦૯–૧૦

શ્રી હેમંત એન. દેસાઈની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી સુ.મ.પા રહેઠાણવાળા વિસ્તારમાં કયા કયા પ્રકારના ઉદ્યોગ (કારખાના) ચલાવવાની મંજુરી આપી શકે તે તમામ ઉદ્યોગના કારખાનાની નામની યાદી આપતી માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી ગુમાસ્તા ખાતાના પત્ર નં.એસ.એન્ડ ઈ./જા./૨૪૦ તા.૪–૧–૧૦ થી આપેલ માહિતી સાચી નથી તથા સંતોષકારક ન હોવાનું તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી નિયત સમયઅવધિમાં પત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૪ તા.૧૮–૧–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી(ગુમાસ્તાખાતુ) તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.એસ. એન્ડ ઈ/જાવક/૨૬૨ તા.૨૨–૧–૧૦ થી અત્રેના વિભાગને અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને પાઠવેલ માહિતીપત્ર નં.એસએનઈ/જા/૨૪૦ તા.૪–૧–૧૦ ના પત્રની નકલ પૂરક વિગતો મળેલ છે. તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીડીઓ/૫૧૫૨ તા.૨૫–૧–૧૦ થી અત્રેના વિભાગને નોંધ વિભાગ તથા સેન્ટ્રલઝોન તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧ ૨૬૩ તા.૧૭–૧૨–૦૯ થી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસ તથા ચીફ ગુમાસ્તા નિરીક્ષકને તબદીલ કર્યાના પત્રની નકલ, મુળ અરજીની નકલ, એ નં.ટીડીઓ/૪૭૨૮ તા.૨૯–૧૨–૦૯ થી અરજદારને પાઠવેલ માહિતી પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે માંગવામાં આવેલી માહિતી અંગે ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી " સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ દુકાનો સંસ્થાઓ, હોટલો વિગેરેના મુંબઈના દુકાનો અને સંસ્થાઓના અધિનિયમ–૧૯૪૮ લાગુ પાડવામાં આવેલ છે. અને સદર અધિનિયમ અન્વયે સંસ્થા ચાલુ થયાના ૩૦ દિવસમાં જે તે સંસ્થાની નોંધણી ચાલુ કરી નોંધણી પ્રમાણપત્ર આપવામાં આવે છે કોઈ મંજુરી આપવામાં આવતી નથી. " તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તરફથી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં બાંધકામના વપરાશ તથા નિયમોનું નિયંત્રણ ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટના વિકાસ નિયંત્રણ નિયમો હેઠળ કરવામાં આવે છે સદર વિકાસ નિયંત્રણ નિયમોના નિયમ નં.૩૧ માં નિયત કરેલ ઝોનમાં કેવા પ્રકારના બાંધકામોની પરવાનગી મળી શકે તેનો ઉલ્લેખ કરેલ છે. સદર નિયમ–૩૧ ની નકલ મેળવવા પ્રતિ નકલના રૂા. ૨/– લેખે પાના નંગ–૧૧ ના કુલ રૂા. ૨૨/– કચેરીએ ભરપાઈ કર્યેથી માંગ્યા મુજબની નકલો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી માહિતી પૂરી પાડવામાં આવે છે. પરંતુ અરજદારે તેવી માહિતી મેળવેલ છે કે કેમ? તેવી વિગતો અપીલ તબકકે અરજદારે કે જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને મળેલ નથી. અરજદારે તા.૮–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી રહેઠાણવાળા વિસ્તારમાં કયા કયા પ્રકારના ઉદ્યોગ/કારખાના ચાલુ કરી શકે તે તમામ કારખાનાના નામની યાદીની માંગણી કરેલ છે. જે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જયારે મુળ અરજીમાં કયા કારખાના ચલાવવાની મંજુરી મળી શકે તેવી માંગણી કરેલ છે જે બાબતે જાહેર માહિતી અધિકારીએ મંજુરી આપવામાં આવતી નથી પરંતુ નોંધણી કરવામાં આવે છે તેવું જણાવેલ છે.જયારે શહેર વિકાસ ખાતાએ પણ વિકાસ નિયંત્રણના નિયમ–૩૧ હેઠળ નિયત કરેલા ઝોનમાં કેવા પ્રકારના બાંધકામોની પરવાનગી મળી શકે તેવો ઉલ્લેખ કરેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પાડેલ જણાય છે.

બંન્ને જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને લાગુ કાયદા અને નિયમનો સંદર્ભ આપેલ છે. તદઉપરાંત જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ) ધ્વારા નિયત ફી ભરપાઈ કર્યેથી નકલો આપવા તૈયારી દર્શાવેલ છે. તેમ છતાં અરજદારે તે મેળવવાને બદલે અપીલ કર્યાનું સ્પષ્ટ થાય છે. કાયદો જાહેર દસ્તાવેજ છે તેથી તે પૈકીની માહિતી અરજદાર કાયદાના સંદર્ભ ધ્વારા પણ મેળવી શકે તેમ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૧–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(પઅનેઈ.)અને જાહેર માહિતી અધિકારી (ગુમાસ્તાખાતુ), ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત એન. દેસાઈ,